
# લશ્કરની મુખ્ય તાલીમ સંસ્થાઓના અભ્યાસક્રમની કાયાપલટ

## ગૌરવપૂર્ણ ભૂતકાળ સાચવીને ભવિષ્ય તરફની ગતિ

ભારતીય લશ્કર તેના અસ્તિત્વ અને સ્વરૂપના મૂળભૂત માળખામાં ધીમી અને મક્કમ ગતિએ છતાં ધરમૂળથી પરિવર્તન કરી રહ્યું છે. ભારતીય લશ્કરની બે મૂળભૂત તાલીમી સંસ્થાઓ IMA અને NDAના અભ્યાસક્રમમાં વર્તમાન સમયની જરૂરિયાત અને આવનારા ભવિષ્યનું ચિત્ર ધ્યાનમાં રાખીને જરૂરી ફેરફારો કરવામાં આવી રહ્યા છે. આ પ્રક્રિયા શરૂ થઈ એ બાબત એટલા માટે પણ મહત્ત્વની બને છે કે આમ તો લગભગ દરેક ક્ષેત્રમાં,

**ટૂંકમાં આવનારા સમયમાં AIથી શરૂ કરીને સેટેલાઇટ, સાયબર અને સ્પેસ વૉરફેર તેમજ AMAR જેવી સ્કિલ્સનો સમાવેશ પણ ભારતીય લશ્કરના અભ્યાસમાં કરવામાં આવશે**





પણ લશ્કરમાં તો ખાસ લશ્કરમાં આ પ્રકારના માળખાગત ફેરફારો કરવા-કરાવવા એ લોઢાના ચણા ચાવવા જેવું કામ છે. આ સમગ્ર પ્રક્રિયા સત્તાવાર ધોરણે ઘણી લાંબી હોય તે કારણ તો ખરું જ પણ તેની સાથે લશ્કરના આંતરિક નિયમો અને સિદ્ધાંતો પણ એટલા અટપટા અને કડક હોય છે કે આ પ્રકારના મૂળભૂત પરિવર્તન માટે તેમાં પણ ફેરફાર કરવાનું કામ પણ ઘણું અઘરું હોય છે. હા, એ ચોક્કસ કે લશ્કરના આંતરિક માળખાને સુદૃઢ રાખવા માટે આવા કડક નિયમો અને સિદ્ધાંતો હોવા જરૂરી છે પણ બદલાતા સમય મુજબ જ્યારે આવાં અનિવાર્ય પરિવર્તન કરવા પડે ત્યારે આ આંતરિક નિયમો જ સૌથી વધુ પડકારજનક બનતા હોય છે પણ ગમે તેવા બાહ્ય પડકારને પણ ખૂબ સક્ષમ રીતે પહોંચી વળતું આપણું લશ્કર આવા આંતરિક પડકારોમાંથી પણ સરળતાથી માર્ગ કાઢી જ લે એ સ્વાભાવિક છે, એટલે જ આજના સમયમાં બદલાતી પરિસ્થિતિની જરૂરિયાત મુજબ સતત પરિવર્તનશીલ રહેતાં વિશ્વના લશ્કરોમાં ભારતનું લશ્કર મોખરાની હરોળમાં સ્થાન પામે છે.

એ જ રીતે ભારતીય લશ્કર જેમ તેના સાહસ અને હિંમત માટે જાણીતું છે તેમ તેના માનવતાવાદી અભિગમ માટે પણ જાણીતું છે, એટલે જ તો આપણા લશ્કરમાં કહેવાય છે કે એક સૈનિક અથવા એક લશ્કરી અધિકારી તૈયાર કરતાં વર્ષો નીકળી જાય છે પણ ક્યારેક આ લોકો આંખના પલકારામાં શહીદ થઈ જાય છે, એટલે જ લશ્કરમાં ઘવાયેલાઓને શ્રેષ્ઠ સારવાર આપવાનો શિરસ્તો છે અને એ પહેલાં જ્યારે કોઈ પણ લશ્કરી કાર્યવાહી હાથ ધરવામાં આવે ત્યારે દુશ્મન સામેની આક્રમકતા જેટલું જ પોતાની સુરક્ષાને પણ મહત્ત્વ અપાય છે અને એટલે જ શૂન્ય માનવક્ષતિ કે લઘુતમ માનવક્ષતિ(Zero Casualty or Minimum Casualty) સાથેની સફળ લશ્કરી કાર્યવાહી એ જે તે સિનિયર લશ્કરી અધિકારીની મોટી સિદ્ધિ ગણાય છે.

આટલી પૂર્વભૂમિકા સાથે હવે લશ્કરી અભ્યાસક્રમમાં કરવામાં આવી રહેલા પરિવર્તનને મુદ્દાસર અને જરા વિગતે સમજીએ.

જે કેટલીક બાબતો ધ્યાનમાં રાખીને આપણો લશ્કરી અભ્યાસક્રમ ફેરફાર કરવામાં આવી રહ્યો છે તેમાં એક તો એ છે કે ભારતીય લશ્કરની બ્રિટિશકાળની કેટલીક પરંપરાઓ રદ કરીને એ બાબતે તેનું ભારતીયકરણ કરવું, તે ઉપરાંત અંગ્રેજોએ તેમની સવલત માટે ભારતીય ઈતિહાસનું અંગ્રેજીકરણ કરેલું અને તે જ ઈતિહાસ બ્રિટિશ ભારતની પ્રજાને ભણાવેલો તેમજ આઝાદી પછી પણ ઘણા સમય સુધી

**બોર્ડર**
**કેપ્ટન શૂરવીર સિંહ**

આપણે એ જ ઈતિહાસ ભણતા રહ્યા છીએ એ સર્વવિદિત છે. આ બાબત જેમ સામાન્ય ભારતીય તેમજ વૈશ્વિક ઈતિહાસને, તેમ આપણા એટલે કે ભારતના લશ્કરી ઈતિહાસને પણ લાગુ પડે છે. બ્રિટિશ ભારતમાં સ્વાભાવિક રીતે બ્રિટિશ લશ્કરી પરંપરાઓ દાખલ કરવા સાથે તે સમયે ભારતમાં બ્રિટિશ સામ્રાજ્ય મજબૂત કરવા માટે અંગ્રેજોએ લડેલાં યુદ્ધ અને એ પછી બ્રિટિશ ભારતના બંને વિશ્વયુદ્ધ સુધીના ઈતિહાસમાં બ્રિટિશ ઈન્ડિયન આર્મીના ભારતીય જવાનોની ભૂમિકા મહત્ત્વની રહી હોવા છતાં આ સમગ્ર ઘટનાક્રમના લશ્કરી ઈતિહાસમાં બ્રિટિશ લશ્કરી અધિકારીઓને જ હાઈલાઈટ કરાયા હતા. હા, ચોક્કસ એવું નહોતું કે એમાં ભારતીય સૈનિકો અને અધિકારીઓનો ઉલ્લેખ નહોતો. પરંતુ તેમના પ્રદાનને મળવું જોઈએ એટલું મહત્ત્વ મળ્યું નહોતું અથવા તેમની વિગતો અંગ્રેજોના દષ્ટિકોણથી રજૂ કરવામાં આવી હતી, એટલે હવે આ અભ્યાસક્રમના ફેરફારની કવાયત ચાલે છે તેમાં ઉપરોક્ત સમગ્ર ઘટનાક્રમમાં ભારતીય સૈનિકો અને ભારતીય અધિકારીઓની વાત ભારતીય દષ્ટિકોણથી યોગ્ય મહત્ત્વ સાથે રજૂ કરવાનું આયોજન છે. આ ઉપરાંત અત્યારે સાયબર વૉરનો વધી રહેલો ખતરો જોતાં પરંપરાગત લશ્કરી તાલીમ સાથે લશ્કરી ક્ષેત્રે આવેલાં ટેકનોલોજિકલ પરિવર્તનો પણ સમાવવામાં આવશે. આ સાથે ફીલ્ડ પરની મિલિટરી ટ્રેનિંગ સાથે શૈક્ષણિક દષ્ટિએ વર્ગખંડની તાલીમને પણ પૂરતું મહત્ત્વ આપવાનો પ્રયાસ કરવામાં આવશે. આ રીતે લશ્કરી તાલીમને વધુ સર્વગ્રાહી બનાવવામાં આવશે. એ સાથે શારીરિક અને માનસિક મજબૂતી વધારવા માટે થઈને કોમ્બેટ સ્પેશિયલાઈઝેશનના ભાગરૂપે આર્મી માર્શલ આર્ટ્સ રૂટિન(AMAR)ને પણ આ ફેરફારના ભાગરૂપે લશ્કરી અભ્યાસક્રમમાં સમાવવામાં આવશે.

ટૂંકમાં આવનારા સમયમાં AIથી શરૂ કરીને સેટેલાઈટ, સાયબર અને સ્પેસ વૉરફેર તેમજ AMAR જેવી સ્કિલ્સનો સમાવેશ પણ ભારતીય લશ્કરના અભ્યાસમાં કરવામાં આવશે. આ ઉપરાંત પ્રસ્તાવિત રીતે લશ્કરમાં ભરતી થવા માટેની પ્રવેશપ્રક્રિયા પણ ધરમૂળથી બદલવામાં આવશે. આ સાથે IMA, દહેરાદૂન ખાતે લશ્કરની ટ્રેનિંગ કંપનીઝને અપાયેલાં બ્રિટિશકાળનાં અંગ્રેજોએ જીતેલાં યુદ્ધો પરથી અપાયેલાં નામના સ્થાને આઝાદ ભારતના લશ્કરે જીતેલાં યુદ્ધના નામ આપવાની તેમ જ બ્રિટિશકાળના કેટલાક લશ્કરી ઉત્સવો પણ બંધ કરવાની અથવા નવેસરથી જુદી રીતે યોજવાની કવાયત પણ ભારતીય લશ્કરના લશ્કરી અભ્યાસક્રમના ફેરફારની આ સમગ્ર કવાયતનો જ એક હિસ્સો છે.




# યશની 'ટોક્સિક' ખસી જતાં રામચરણની 'પેદ્દી' માટે રસ્તો ખૂલી ગયો!

યશ અત્યારે ભારતીય સિનેમામાં સૌથી વધુ ચર્ચાતો અભિનેતા બની રહ્યો છે. યશ હાલમાં મુંબઈના ફિલ્મસિટી ખાતે 'રામાયણ' માટે ખૂબ જ ગહન અને પ્રભાવશાળી મોનોલોગ્સ શૂટ કરી રહ્યો છે. નિર્દેશક નિતેશ તિવારી આ પાત્રને માત્ર એક પરંપરાગત વિલન તરીકે નહીં પરંતુ એક જટિલ અને બહુપરિમાણીય વ્યક્તિત્વ તરીકે રજૂ કરવા માંગે છે. આ શૂટિંગ દરમિયાન યશના એવા દ્રશ્યો ફિલ્માવવામાં આવી રહ્યા છે જે રાવણની માનસિકતા, તેની વિચારધારા અને તેના કર્મો પાછળના તર્કને પ્રેક્ષકો સમક્ષ રજૂ કરશે. યશનો ચહેરો હવે માત્ર સાઉથ પૂરતો સીમિત નથી. તે સમગ્ર ભારતમાં અને વિદેશમાં લોકપ્રિય છે. જ્યારે રણબીર કપૂર રામ તરીકે અને યશ રાવણ તરીકે સામે આવશે ત્યારે એ ટક્કર જોવા માટે હિન્દી અને સાઉથ બંનેના પ્રેક્ષકો ઉત્સાહિત હશે. ફિલ્મ બે ભાગમાં રજૂ થવાની છે, જેમાં પ્રથમ ભાગ આ દિવાળીએ નક્કી રજૂ થશે. જ્યારે યશની બહુપ્રતિક્ષિત ફિલ્મ 'ટોક્સિક' ફરી એકવાર તારીખનો વાયદો પાળતી ન હોવાથી વિવાદો અને ચર્ચાઓના ઘેરામાં આવી છે. ફિલ્મની રજૂઆત અગાઉ 5 જૂન 2026 નક્કી કરવામાં આવી હતી. તેને ફરી એકવાર પાછી ઠેલવામાં આવી છે. યશે પોતે સોશિયલ મીડિયા પર આ અંગે સ્પષ્ટતા કરતા જણાવ્યું છે કે ફિલ્મ તૈયાર છે પરંતુ તેને વૈશ્વિક સ્તરે મોટા પાયે રજૂ કરવા માટે વિતરણ કરાર અને ભાગીદારીને કારણે તારીખ લંબાવવામાં આવી છે. આ ફિલ્મમાં નયનતારા, કિયારા અડવાણી અને હુમા કુરેશી જેવા કલાકારો પણ મહત્ત્વની ભૂમિકામાં છે. તાજેતરમાં સોશિયલ મીડિયા પર એવી અફવાઓ ઉડી હતી કે કિયારા અડવાણીએ ફિલ્મમાં તેના અને યશ વચ્ચેના કેટલાક બોલ્ડ સીન્સ કાપી નાખવાની વિનંતી કરી છે. જોકે, કિયારાએ આ અહેવાલોને સખત શબ્દોમાં નકારી કાઢ્યા છે અને તેને સદંતર બકવાસ ગણાવ્યા છે. નિર્માતાએ ગ્લોબલ રિલીઝનું બહાનું કાઢીને આ વખતે તો કોઈ ચોક્કસ તારીખ પણ આપી નથી. જેના કારણે યશના ચાહકોમાં થોડી નિરાશા જોવા મળી રહી છે. આ ફિલ્મ અગાઉ માર્ચમાં રજૂ થવાની હતી પરંતુ હવે તેની હાઈપ જાળવી રાખવી નિર્માતા માટે પડકારજનક બની રહેશે. 'ટોક્સિક' પાછી ઠેલાતા જ અન્ય બે ફિલ્મોને મોકળું મેદાન મળી ગયું છે. વરુણ ધવનની ફિલ્મ 'જવાની હૈ તો ઈશ્ક હોના હૈ' હવે તેની અસલ તારીખ એટલે કે 5 જૂને રજૂ થશે. વરુણ માટે મુશ્કેલી એ છે કે તેની સામે રામચરણની ફિલ્મ 'પેદ્દી' 4 જૂને રજૂ થવાની છે. જોકે, બોક્સ ઓફિસ પર વરુણ અને રામચરણ વચ્ચે કાંટે કી ટક્કર જોવા મળવાની આશા નથી. કેમકે નિર્દેશક કાર્તિક સુબ્બરાજ 'પેદ્દી' ને લઈને ખૂબ જ આશાવાદી છે. આ એક શુદ્ધ માસ એક્શન એન્ટરટેઈનર હોવાનું કહેવાય છે. ફિલ્મનું સંગીત સોશિયલ મીડિયા પર અત્યારથી જ ધૂમ મચાવી રહ્યું છે. 'ચિકિરી ચિકિરી' ગીત એક મેલોડિયસ ટ્રેક છે. જેણે યુટ્યુબ પર 210 મિલિયનથી વધુ વ્યુઝ સાથે એક નવો બેન્ચમાર્ક સેટ કર્યો છે. લોકો તેની ધૂન અને એ.આર. રહેમાનના સિગ્નેચર ટચના વખાણ કરી રહ્યા છે. 'રાઈ રાઈ રા રા' એક હાઈ-એનર્જી ડાન્સ નંબર છે. તેના તેલુગુ વર્ઝને યુટ્યુબ પર 65 મિલિયનથી વધુ અને હિન્દી વર્ઝને પણ લાખોમાં વ્યુઝ મેળવ્યા છે. તેની એનર્જી અને જહાનવી કપૂર-રામચરણની કેમેસ્ટ્રીએ ઈન્સ્ટાગ્રામ રીલ્સ પર ધૂમ મચાવી છે. સંગીત વિવેચકોએ આ આલ્બમને 4.5/5 જેવું ઊંચુ રેટિંગ આપ્યું છે. તેમનું કહેવું છે કે રહેમાને ગ્રામીણ બેકગ્રાઉન્ડ ધરાવતી ફિલ્મ હોવા છતાં મોડર્ન બીટ્સ અને પરંપરાગત સંગીતનું અદભૂત મિશ્રણ કર્યું છે. 'પેદ્દી'નું સંગીત માત્ર હિટ જ નથી પણ તે 2026 ના સૌથી મોટા મ્યુઝિકલ બ્લોકબસ્ટર તરીકે સ્થાપિત થઈ ચૂક્યું છે. 4 જૂને ફિલ્મ રિલીઝ થાય તે પહેલાં સંગીત ફિલ્મને જબરદસ્ત ઓપનિંગ અપાવવામાં મુખ્ય ભૂમિકા ભજવશે. બીજી તરફ 'જવાની હૈ તો ઈશ્ક હોના હૈ'ના ટ્રેલરને સોશિયલ મીડિયા અને ક્રિટિક્સ તરફથી ધાર્યો પ્રતિસાદ મળ્યો નથી. પ્રેક્ષકોને આ ફિલ્મ 90ના દાયકાની ડેવિડ ધવનની ફિલ્મોની નબળી નકલ જેવી લાગી રહી છે. આઉટડેટેડ કોમેડી અને જૂના થઈ ગયેલા ફિલ્મી ટ્રોપ્સને કારણે ટ્રેલરે સોશિયલ મીડિયા પર મજાક અને મીમ્સને વધુ આમંત્રણ આપ્યું છે. રામચરણનો માસ પાવર અત્યારે વરુણ કરતાં ક્યાંય વધુ છે. જે વરુણની ફિલ્મના ઓપનિંગ કલેક્શન પર સીધી અસર કરી શકે છે. આયુષ્માન ખુરાનાની 'પતિ, પત્ની ઔર વો 2' ની જેમ વરુણની આ ફિલ્મ પણ માત્ર પૈસા કમાવવાના હેતુથી બનેલી હોય તેવું લાગી રહ્યું છે. આજના સમયમાં જ્યારે પ્રેક્ષકો કંઈક નવું અને ગંભીર જોવા માંગે છે ત્યારે આવી હળવી અને ઘસાઈ ગયેલી કોમેડી ફિલ્મો માટે થિયેટર સુધી ભીડ ખેંચવી મુશ્કેલ છે. જો ફિલ્મની વાર્તામાં ટ્રેલર કરતા કંઈક વિશેષ હશે તો જ માઉથ પબ્લિસિટી તેને બચાવી શકશે.

**યશની 'ટોક્સિક' પાછી ઠેલાતા જ અન્ય બે ફિલ્મોને મોકળું મેદાન મળી ગયું છે. વરુણ ધવનની ફિલ્મ 'જવાની હૈ તો ઈશ્ક હોના હૈ' હવે તેની અસલ તારીખ એટલે કે 5 જૂને રજૂ થશે. વરુણ માટે મુશ્કેલી એ છે કે તેની સામે રામચરણની ફિલ્મ 'પેદ્દી' 4 જૂને રજૂ થવાની છે**

**ફિલ્મોગ્રાફ**
**રાકેશ ઠક્કર**

### ઓટોગ્રાફ!

ખબર છે કે ફિલ્મ '૩ ઈડિયટ્સ' ની સીક્વલમાં વાર્તા ૧૦ વર્ષ આગળ વધશે. આમીર, માધવન અને શરમન હવે ૫૦ વટાવી ગયા છે એટલે એન્જિનિયરિંગના સ્ટુડન્ટ્સ તરીકે નહીં પણ એમના છોકરાઓના એડમિશન માટે લાઈનમાં ઉભેલા દેખાશે?!

# ક્રોધ દ્વારા વ્યક્ત થતી અશ્લીલતા..!

એક વક્તાએ દોઢ કલાક સુધી ભાષણ કરી શ્રોતાઓને મંત્રમુગ્ધ કરી દીધાં. વિષય હતોઃ ચાલો, ક્રોધને કાબુમાં રાખીએ. ભાષણ પત્યા પછી આયોજકે કહ્યુંઃ 'સાહેબ, સૉરી તમારે માટે ગાડીની વ્યવસ્થા થઈ શકી નથી. રિક્ષામાં જવું પડશે!" પેલા મહાશય ક્રોધમાં ચીલ્લાઈ ઊઠ્યાઃ 'તમારા જેવા થર્ડ ક્લાસ આયોજક મેં આજ દિન સુધી કદી જોયા નથી!' આયોજક વખાના માર્યા જવાબ આપી શક્યા નહીં. અહીં અમારા બચુભાઈ હોત તો તેમના મોં પર રોકડું પરખાવ્યું હોતઃ "માફ કરજો પણ તમારા જેવો જૂઠો ભાષણિયો મેં પણ આજે પહેલીવાર જોયો!' ક્રોધ જીવનની સહજ લાગણી છે. કદી કોઈએ ક્રોધ ન કરવો એવું ગાંધીજીએ વારંવાર ઉપદેશ્યું છે પણ ગાંધીજી એમના નિજી જીવનમાં એ ઉપદેશનો કેટલો અમલ કરી શક્યા હતા તે કસ્તુરબા સારી રીતે જાણતા હતાં. ચીનના મહાન દાર્શનિક કૉન્ફ્યુશિસ સાહેબે કહ્યું હતુંઃ 'જે સમયે ક્રોધ ઉપજે એમ હોય તે સમયે તેના પરિણામનો પહેલા વિચાર કરી લેજો!' ક્ષમા કરજો કૉન્ફ્યુશિયસ સાહેબ, મને સૃષ્ટિ પરનો એવો એકાદ માણસ તો બતાવો જે પરિણામનો વિચાર કરીને ક્રોધ કરતો હોય? પ્રેમ જેવી શાંત ઘટનામાં માણસ લાગણીની સાડાબારી નહીં રાખતો હોય ત્યાં ક્રોધ જેવી આકસ્મિક તીવ્રોત્તેજક ઘટનામાં રાખે ખરો? ક્રોધ ન કરવો એ મેરા ભારત મહાન જેવું જૂઠાણું છે. કલ્પના કરો સડક પરનો કોઈ છેલબટાઉ રોમિયો તમારી દીકરીને પાંચ રૂપિયાની નોટ બતાવીને કહેઃ 'ચલ આતી હૈ ક્યા?' એવું પૂછે ત્યારે ભગવાન મહાવીર સ્વામી જેવી શાંત મુખમુદ્રા ધારણ કરી તેના તરફ જોઈ રહેવાનું તમારે માટે શક્ય છે ખરું? તમે ઈસ્ત્રીટાઈટ શ્વેત વસ્ત્રોમાં સજ્જ થઈને ઈન્ટરવ્યૂ આપવા જતા હો અને ચાલુ બસમાંથી કોઈ માવાછાપ માણસ તમારા પર નવટાંક થૂંકની પિચકારી મારે તો તમે ઈસુની માફક એમ કહેશો કેઃ 'હે પ્રભુ તું એને માફ કરી દેજે!'



તમારો નાનો દીકરો અકસ્માતમાં ગંભીર રીતે લોહીલૂહાણ થઈ ગયો છે, પણ હોસ્પિટલનો ડૉક્ટર કહે છે. મારી ડ્યૂટી ઓવર થઈ ગઈ છે. તમે રાહ જુઓ થોડીવારમાં બીજા ડૉક્ટર આવશે.!' તમારાથી શાંત રહી શકાશે ખરું? (કોઈ એવી સલાહ આપતું હોય કે લોકો ભલે આપણી જોડે ખરાબ વ્યવહાર કરે આપણે કદી ક્રોધ ન કરવો! ત્યારે તે સાચું બોલે છે કે જૂઠું તે ચકાસવા તેના બરડા પર એક મોટી સાઈઝની ઢીંક મારી જોજો.) ક્રોધ એક લાગણીજન્ય લક્ષણ છે. બહુ મુશ્કેલીથી તેના પ્રમાણમાં થોડો ઘટાડો કરી શકાશે પણ સંપૂર્ણ કાબુ મેળવી શકાતો નથી. કોઈ વ્યક્તિ અત્યંત કામોત્તેજક ફિલ્મ જુએ પછી તેના ચિત્તમાં જાતિય આવેગ ના ઉત્પન્ન થાય એ બાબત તેના ફિઝીકલ ફીટનેસ તરફ શંકાની આંગળી ચીંધે છે. માણસ સાથે અત્યંત ખરાબ વ્યવહાર થાય છતાં તેને ગુસ્સો ન આવે તો તેના માનસિક મિકેનિઝમમાં અચૂક વાંધો જાણવો. (બધાં ઝેર પીનારા શંકર હોતા નથી તેમ બધાં ગુસ્સે ન થનારા મહાવીર પણ નથી હોતા.) આજનો માહોલ ખરાબ રીતે ડેવલપ થઈ રહ્યો છે. જાણે માણસને ચેલેંજ ના કરતો હોય - બેટા, હવે હિંમત હોય તો શાંત રહીને બતાવ! દોસ્તો, સત્ય એ છે કે ઉંબર છોડી બહાર પગ મૂકો એટલે દુનિયામાં પાર વિનાની પરેશાનીનો આપણે સામનો કરવો પડે છે. એ બધાંને કારણે માણસને ખૂબ ગુસ્સો આવે છે. ક્રોધ ન કરવો એ એક આદર્શ છે. પણ ક્રોધ ઉત્પન્ન થાય એ પ્રકૃતિ છે. આદર્શ અને પ્રકૃતિ વચ્ચે કંકોતરી અને છૂટાછેડાના ડોક્યુમેન્ટ જેટલો તફાવત છે. આદર્શ મિસ યુનિવર્સ સુસ્મિતા સેન જેવો આકર્શક હોય છે. પ્રકૃતિ ફૂવડ સ્ત્રી જેવી ખરબચડી હોઈ શકે છે !

**જીવન સરિતાને તીરે**
**દિનેશ પાંચાલ**

માણસ ક્રોધ કરે છે ત્યારે અજાણપણે પોતાની તામસી પ્રકૃતિનો ગુલામ બની રહે છે. હમણાં એક માણસે બીજા માણસને ગધેડો કહ્યો. અમારા બચુભાઈ માણસની ગદર્ભ પ્રકૃતિથી માહિતગાર હતા. તેમણે મિત્રને કહ્યુંઃ "એણે તને ગધેડો કહ્યો તે તારી નહીં એની સમસ્યા છે. એની બુદ્ધિને એના ક્રોધે બાનમાં રાખી છે. હું એને ઓળખું છું. એ એના પિતાજી જોડે ઝઘડે ત્યારે તેને પણ ગધેડો કહે છે! દોસ્તો, એ કોઈ મોટા આશ્ચર્યની વાત નથી. માણસની ભીતરના ગોડાઉનમાં જે માલ પડ્યો હોય તેજ મુખ વાટે બહાર આવે છે. માણસ શાંત હોય ત્યારે નહીં પણ ગુસ્સામાં હોય ત્યારે કેવી ભાષા પ્રયોજે છે તે પરથી તેનું ધોરણ નક્કી થાય છે. શાંત માણસ મધુર સ્વરે મોરારીબાપુની ચોપાઈ લલકારી શકે. ગુસ્સામાં તો 'સુરતી' શ્લોકો જ તેને વિશેષ અનુકૂળ થઈ શકે. માણસની સ્થિતિ પાળેલા પોપટ જેવી છે. પાળેલો પોપટ રોજ સીતારામ, રાધેશ્યામ, ગુડ મોર્નિંગ જેવા શિષ્ટાચારયુક્ત શબ્દો બોલે છે, પણ તેને બિલાડી પકડે ત્યારે તેના મુખમાંથી ટેંટેં.. જ નીકળે છે. અર્થાત્ ક્રોધમાં માણસની જાત પરખાઈ આવે છે.

આ અંગે એક સુંદર રમૂજ છે. એક વ્યક્તિ દુનિયાની સેંકડો ભાષા પર સુંદર પ્રભુત્વ ધરાવતો હતો. તે મૂળ કઈ ભાષાનો માણસ છે તે પરખાતું ન હતું. ઘડીમાં તે હિન્દી બોલે, ઘડીમાં તે ઉર્દૂ! સંસ્કૃત પણ તે એવી છટાથી બોલે જાણે કાશીનો પંડિત ના હોય! રશિયન બોલવા માંડે ત્યારે ગોર્બોચૉવ પણ લઘુતાગ્રંથી અનુભવે. ફ્રેંચ, અંગ્રેજી, અરબી.. બધી જ ભાષા તેને આવડતી હતી. તેણે ચેલેંજ ફેંકી હતીઃ 'મારી મૂળ ભાષા કઈ તે કહી આપો તો ગુરૂ માનુ!" બધાં બધું કરી છૂટ્યા પણ કશી સફળતા ના મળી. એક માણસને તરકીબ સૂઝી. તે સૂતેલો હતો ત્યારે તેના મોઢા પર ગ્લાસ ભરીને પાણીની જોરદાર છાલક મારી. તે સફાળો બેઠો થઈ ગયો. તેના મુખમાંથી ફૂલ સાઈઝની "સુરતી" ગાળ નીકળી ગઈ. તુરત પેલો બોલી ઊઠ્યોઃ 'સમજી ગયો. તું સુરતી છે અને તે પણ હૂરતનો જ!" અહીં વાચકોએ પોતાની કલ્પના શક્તિ વડે એ શોધવાનું છે કે તે કઈ સૂરતી ગાળ હશે? પ્રોપર સુરતના લોકોએ તસ્દી લેવી નહીં. માણસના પ્રેમે માણસને ખૂબ ઈજ્જત અપાવી છે. ગુસ્સાએ તો દેવોને ય બદનામ કર્યા છે. મોગલ બાદશાહ શાહજહાંના પ્રેમમાં 'તાજમહાલ' બનાવી ઈતિહાસમાં અમર થઈ ગયો, પણ દુર્વાસા તેમની એંગ્રીમેન આઈડેન્ટિટીને કારણે બૂરી રીતે પરાસ્ત થયા હતાં. શંકર ભગવાને પણ પોતાના ક્રોધાવેગને વ્યક્ત કરવા શ્રાપ નામનો સેફ્ટી વાલ્વ રાખ્યો હતો પણ આજના કલિયુગમાં માનવી પાસે એવી કોઈ સુવિધા નથી જે વડે તે પોતાના ક્રોધાવેગનું શમન કરી શકે.

**પણ દુર્વાસા તેમની એંગ્રીમેન આઈડેન્ટિટીને કારણે બૂરી રીતે પરાસ્ત થયા હતાં. શંકર ભગવાને પણ પોતાના ક્રોધાવેગને વ્યક્ત કરવા શ્રાપ નામનો સેફ્ટી વાલ્વ રાખ્યો હતો પણ આજના કલિયુગમાં માનવી પાસે એવી કોઈ સુવિધા નથી જે વડે તે પોતાના ક્રોધાવેગનું શમન કરી શકે**

### ધૂપછાંવ

ઝૂંપડપટ્ટીનો કોઈ પીંડક પત્નીને માથે કુહાડી ઝીંકી ક્રોધનું શમન કરે છે; તો કોઈ લેખકોને માથે લાખોનું ઈનામ જાહેર કરીને ક્રોધ વ્યક્ત કરે છે. યાદ હોય તો ઈન્દીરાજીએ ઈમરજન્સી ડિક્લેર કરીને અલ્હાબાદ હાઈકોર્ટનો ગુસ્સો આખા દેશ પર ઉતાર્યો હતો..! - યાદ છે...?"